# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન સંસ્થા, નાગપુર

## કપાસ પુર્વાનુમાન ૨૦૧૯-૨૦ : અઠવાડિક સલાહ/માર્ગદર્શન

**(સમય ગાળો : ૧૨ ઑગષ્ટ થી ૧૮ ઑગષ્ટ, ૨૦૧૯)**

| | ખરેખર વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | સુચિત/ પુર્વાનુમાન વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઑગષ્ટ | | | ઑગષ્ટ | | | | | | |
| **તારીખ** | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| **ગુજરાત** | | | | | | | | | | |
| અમરેલી | | | ૧૪૨.૪ | ૪૨ | ૭ | ૦ | ૧૪ | ૮ | ૮ | ૬ |
| ભાવનગર | | ૧૩.૬ | ૧૦૪.૮ | ૫.૪ | ૬ | ૦ | ૧૮ | ૧૨ | ૪ | ૬ |
| જામનગર | ૦ | ૦ | | | ૬ | ૦ | ૭ | ૪ | ૧૨ | ૬ |
| રાજકોટ | | ૦ | ૧૯૭.૨ | ૧૪૮ | ૫ | ૦ | ૧૪ | ૪ | ૬ | ૬ |
| ભરૂચ | | | | | ૮ | ૩ | ૨૮ | ૧૭ | ૧૦ | ૭ |
| સાબરકાંઠા | | | | | ૮ | ૦ | ૪૦ | ૭૭ | ૧૫ | ૫ |
| સુરેન્દ્રનગર | | ૪૫ | ૨૦૫.૮ | ૪૩ | ૭ | ૦ | ૨૯ | ૨૦ | ૪ | ૬ |
| અમદાવાદ | | ૧૯.૮ | ૧૦૮.૭ | ૧૫ | ૧૦ | ૦ | ૨૯ | ૨૧ | ૪ | ૮ |
| બરોડા | | ૭૩.૬ | ૮૭.૬ | ૧૧.૮ | ૧૦ | ૦ | ૩૭ | ૨૭ | ૬ | ૧૩ |
| પાટણ | | | | | ૦ | ૦ | ૨૨ | ૧૬ | ૩ | ૦ |
| મહેસાણા | | | | | ૮ | ૦ | ૨૨ | ૨૧ | ૩ | ૫ |

**સલાહ/ માર્ગદર્શન**

સુરત ખાતે કપાસનો પાક વાનસ્પતિક વૃધ્ધિ અવસ્થાએ છે. યુરિયા ખાતર આપવાની અને નિંદામણ નિયંત્રણના કાર્યો કરવામાં આવેલ છે. કોઇ રોગ અને જીવાતનો ઉપદ્રવ જોવા મળેલ નથી.

જુનાગઢ ખાતે કપાસનો પાક ૫૭ દિવસનો વાનસ્પતિક વૃધ્ધિ અને ફુલ ભમરી વિકાસની અવસ્થાએ છે. સતત વરસાદ પડતો હોવાથી ખરીફ સીઝનનાં નિંદામણો ઊગી નિકળેલ છે. નિંદામણ નિયંત્રણના કાર્યો અને પુર્તિ ખાતર તરીકે નાઇટ્રોજન આપવામાં આવેલ છે. થ્રીપ્સની વસ્તી વધતી જોવા મળેલ છે. મિલિબગનો ઉપદ્રવ ઓછા પ્રમાણમાં જોવા મળેલ છે પરંતુ કોઇ જંતુનાશક દવાનો છંટકાવ કરવાની જરૂરિયાત નથી. મોલોમશી અને ટપકાંવાળી ઇયળનો છુટો છવાયો ઉપદ્રવ જોવા મળેલ છે. ભેજવાળા વાતાવરણને કારણે ખુણિયાં ટપકાં અને સુકારા જેવા રોગનો ઉપદ્રવ જોવા મળેલ છે.

સલાહ : ભારે વરસાદને કારણે સૌરાષ્ટ્ર વિસ્તારનાં અમુક ભાગોમાં કપાસનાં ખેતરોમાં પાણી ભરાવાની સમસ્યા જોવા મળેલ છે. આવાં ખેતરોમાંથી ઝડપી પાણી નિતારની વ્યવસ્થા કરવી. જે ખેતરોમાં સુકારાની (પેરા વીલ્ટ) સમસ્યા જોવા મળેલ હોય તેવાં ખેડુતોને તાત્કાલિક જમીનમાં એમોનિયમ સલ્ફેટ આપવાની અથવા પાણીમાં દ્રાવ્ય ૧% પ્રવાહી ખાતર ૧૯-૧૯-૧૯ નો છંટકાવ કરવાની અને ૧૦ પીપીએમ (૧૦ મિલિ/લિટર) કોબાલ્ટ ક્લોરાઇડનો છંટકાવ કરવાની ભલામણ છે. થ્રીપ્સની વસ્તી આર્થિક ક્ષમ્ય માત્રા (સરેરાશ ૧૦ થ્રીપ્સ/પાન) વટાવે ત્યારે ફિપ્રોનિલ ૫ ઇસી દવા @ ૨૦મિલિ/૧૦લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવાની ભલામણ છે. પાનો ઉપર જોવા મળતાં રોગોનાં નિયંત્રણ માટે કોપર ઓક્સીક્લોરાઇડ ૩૦ ગ્રામ + સ્ટ્રેપ્લોસાયક્લીન સલ્ફેટ ૧ ગ્રામ ૧૦લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

| વરસાદ(મીમી) પ્રમાણિત રંગ | < ૫ | ૫-૨૦ | ૨૧-૫૦ | ૫૧-૮૦ | > ૮૦ |
|---|---|---|---|---|---|

૦.૦ મીમી વરસાદ (વરસાદ નથી).

ખાલી જગ્યા દર્શાવે છે કે આંકડાઓ ઉપલબ્ધ નથી.

**સ્ત્રોત :** http://imdagrimet.gov.in

(નોંધ : વેબસાઇટ : http://imdagrimet.gov.in તા.૨૯/૦૭/૨૦૧૯ મુજબના આંકડાઓ)